### રાજેશ ટાવર રોડ પર જળબંબાકારથી વાહન વ્યવહાર ઠપ્પ

# હરીનગર બ્રિજ પાસે પીવાના પાણીની લાઈન તૂટી



( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 સંસ્કારી નગરી વડોદરાના પશ્ચિમ વિસ્તારમાં આજે પીવાના પાણીની સુરક્ષા અને તંત્રની બેદરકારી સામે ગંભીર સવાલો ઊભા કરતી ઘટના સામે આવી છે. શહેરના વ્યસ્ત ગણાતા હરીનગર બ્રિજ નજીક રાજેશ ટાવર તરફ જવાના મુખ્ય માર્ગ પરથી પસાર થતી પીવાના પાણીની મુખ્ય લાઈનમાં અચાનક મોટું ભંગાણ સર્જાયું હતું. લાઈન તૂટતાની સાથે જ પાણીનો અત્યંત તીવ્ર પ્રવાહ બહાર ફેંકાવવાનું શરૂ થઈ ગયું હતું, જેના કારણે જોતજોતામાં સમગ્ર રાજેશ ટાવર રોડ અને આસપાસનો વિસ્તાર પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. મુખ્ય લાઈનમાંથી વહી નીકળેલા હજારો લીટર શુદ્ધ અને પીવાના પાણીના પ્રવાહને કારણે રસ્તાઓ પર જાણે કે કોઈ નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા. અચાનક માર્ગો પર વહી નીકળેલા પાણીના ધસમસતા પ્રવાહના કારણે સમગ્ર વાહન વ્યવહાર સંપૂર્ણપણે ખોરવાઈ ગયો હતો. ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર ચાલકો પાણીના પ્રવાહ વચ્ચેથી માંડ માંડ પસાર થવા મજબૂર બન્યા હતા, જ્યારે રાહદારીઓને પણ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. માર્ગ પર પાણી ભરાઈ જવાના કારણે અનેક વાહનો બંધ પડી ગયા હતા, જેનાથી કિલોમીટરો સુધી ટ્રાફિક જામની સ્થિતિ સર્જાઈ હતી. શહેરના વિશાળ વિસ્તારમાં પીવાનું પાણી પૂરું પાડતી આ મુખ્ય લાઈન તૂટવાના કારણે આગામી સમયમાં પશ્ચિમ વિસ્તારના હજારો ઘરોમાં પાણી કાપ અથવા ઓછા પ્રેશરથી પાણી મળવાની ભીતિ સેવાઈ રહી છે. એક તરફ શહેરીજનો ચોખ્ખા પાણી માટે વલખાં મારતા હોય છે, ત્યારે બીજી તરફ તંત્રની નજર સામે જ હજારો લીટર ચોખ્ખું પીવાનું પાણી રસ્તાઓ પર વેડફાઈ રહ્યું હોવાથી સ્થાનિક રહીશોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિક નાગરિકો અને વેપારીઓએ આ અંગે તીવ્ર આક્રોશ વ્યક્ત કરતા વડોદરા મહાનગરપાલિકાના હાઈડ્રોલિક વિભાગ અને સંબંધિત અધિકારીઓ સામે સવાલો ઉઠાવ્યા છે. સ્થાનિકોની માંગ છે કે તંત્ર દ્વારા કોઈ પણ જાતના વિલંબ વગર તાત્કાલિક યુદ્ધના ધોરણે સમારકામની કામગીરી હાથ ધરવામાં આવે, જેથી પાણીનો થતો આ ગંભીર વેડફાટ અટકે અને રસ્તા પરનો વાહન વ્યવહાર પૂર્વવત થઈ શકે. હવે જોવાનું એ રહે છે કે મહાનગરપાલિકાનું તંત્ર આ ઘટના બાદ કેટલી ઝડપથી હરકતમાં આવે છે અને લીકેજ બંધ કરીને પરિસ્થિતિ પર કાબૂ મેળવે છે.

### સુંદરપુરા નજીક એક્ટિવા અને બાઈક વચ્ચે સામસામે ટક્કર

# કાળ બન્યો ઈયરફોન, દીકરી સામે જ પિતાનું કમકમાટીભર્યું મોત





( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 વડોદરા નજીક સુંદરપુરાથી સાહપુરા સલાડ જવાના માર્ગ પર એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક અકસ્માત સર્જાયો છે, જેમાં એક પિતાએ પોતાની નાની દીકરીની નજર સામે જ જીવ ગુમાવ્યો છે. બનાવને પગલે પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે. પ્રાપ્ત પ્રાથમિક માહિતી મુજબ, સુંદરપુરાથી સાહપુરા તરફ જતા રોડ પર એક એક્ટિવા અને બાઈક વચ્ચે સામસામે જોરદાર ટક્કર થઈ હતી. સ્થાનિકોના આક્ષેપ મુજબ એક્ટિવા સવાર કાનમાં ઈયરફોન લગાવી અને અત્યંત પૂરપાટ ઝડપે વાહન ચલાવી રહ્યો હતો, જેના કારણે આ ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક સવાર રાવજીભાઈ વસાવાનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. સૌથી હૃદયદ્રાવક વાત એ છે કે, રાવજીભાઈ આજે સવારે નોકરી પર જવા નીકળ્યા હતા, ત્યારે તેમની નાની દીકરીએ પણ પપ્પા સાથે આવવાની જીદ કરી હતી. પિતા દીકરીને સાથે લઈને નીકળ્યા હતા, પરંતુ અકસ્માતમાં નાની દીકરીનો ચમત્કારિક રીતે આબાદ બચાવ થયો હતો, જ્યારે પિતાએ પોતાનો જીવ ગુમાવ્યો હતો. મૃતક રાવજીભાઈ વસાવા મૂળ રાજપીપળાના રહેવાસી હતા અને છેલ્લા ઘણા વર્ષોથી સુંદરપુરા ગામમાં જમાઈ તરીકે રહેતા હતા. તેમના અકાળે અવસાનથી સમગ્ર પરિવાર અને ગામમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. પોલીસે ઘટના સ્થળે પહોંચી વધુ તપાસ હાથ ધરી છે.

### PMના સ્વાગત માટે વડોદરા કોર્પોરેશન સજ્જ

# કમલાનગર તળાવથી સ્વચ્છતા અભિયાનનો ભવ્ય પ્રારંભ કરાયો



( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 વડોદરામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના આગામી ૮મી સપ્ટેમ્બરના પ્રસ્તાવિત આગમનને પગલે સ્થાનિક તંત્ર સંપૂર્ણ રીતે સાબદું બન્યું છે. વડાપ્રધાનના પ્રવાસને યાદગાર બનાવવા અને શહેરને સુઘડ રૂપ આપવાના આશયથી વડોદરા મહાનગરપાલિકા તથા શહેર ભાજપના સંયુક્ત ઉપક્રમે વિશેષ 'સ્વચ્છતા સપ્તાહ'નો ભવ્ય પ્રારંભ કરવામાં આવ્યો છે. આ મહા અભિયાનની શરૂઆત આજવા રોડ પર આવેલા ઐતિહાસિક કમલાનગર તળાવ ખાતેથી કરવામાં આવી હતી. આ સ્વચ્છતા ઝુંબેશમાં વડોદરાના મેયર ગીતાબેન મકવાણા, મ્યુનિસિપલ કમિશનર અરુણ મહેશ બાબુ અને શહેર ભાજપ પ્રમુખ ડો. જયપ્રકાશભાઈ સોની સહિતના ઉચ્ચ અધિકારીઓ તથા પક્ષના હોદ્દેદારો જોડાયા હતા. તેમની સાથે સ્થાનિક કાઉન્સિલરો, વિવિધ સામાજિક સંસ્થાઓ ના પ્રતિનિધિઓ, શાળા-કોલેજના વિદ્યાર્થીઓ અને વડોદરા પાલિકાના સફાઈ કર્મચારીઓએ પણ મોટી સંખ્યામાં હાજરી આપીને સફાઈ કામગીરીમાં સક્રિય યોગદાન આપ્યું હતું. કાર્યક્રમ દરમિયાન માત્ર સફાઈ જ નહીં, પરંતુ પર્યાવરણ જતનનો સંદેશ પણ આપવામાં આવ્યો હતો. 'એક પેડ મા કે નામ' ઝુંબેશ અંતર્ગત ઉપસ્થિત નાગરિકોને વૃક્ષોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત, હાથમાં જાગૃતિ ફેલાવતા વિવિધ પ્લેકાર્ડ અને આકર્ષક પોસ્ટરો સાથે વિદ્યાર્થીઓએ પદયાત્રા યોજીને માર્ગો પરથી પસાર થતા લોકોને સ્વચ્છતાનું મહત્વ સમજાવ્યું હતું.સમારંભ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોએ જાતે ઝાડુ પકડીને રસ્તાઓ તેમજ કમલાનગર તળાવના કિનારાની સફાઈ કરી નાગરિકો સમક્ષ ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

### બે બસો વચ્ચે અકસ્માત : વૃદ્ધા ઈજાગ્રસ્ત

# બ્રેક ફેલ થતાં બીજી બસ સાથે ધડાકાભેર અથડાઈ



( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 વડોદરા જિલ્લાના ભાદરવા ગામ નજીક બે બસો વચ્ચે અકસ્માત સર્જાતા અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. બસની બ્રેક ફેલ થઈ જતા તે બેકાબૂ બની હતી અને સામેથી આવી રહેલી બીજી બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. જેના કારણે મુસાફરોના જીવ પડીકે બંધાયા હતા. પ્રાથમિક માહિતી મુજબ, એક બસની બ્રેક ફેલ થઈ જતા તે બેકાબૂ બની હતી અને સામેથી આવી રહેલી બીજી બસ સાથે ધડાકાભેર અથડાઈ હતી. અકસ્માતનો અવાજ સાંભળીને આસપાસના લોકોના ટોળેટોળા ઘટના સ્થળે દોડી આવ્યા હતા. બસમાં નુકસાન થયું હતું. સદનસીબે આ ગંભીર અકસ્માતમાં મોટી જાનહાનિ ટળી હતી, પરંતુ એક વૃદ્ધ મહિલાને સામાન્ય ઈજા પહોંચી હતી. ઘટનાની જાણ તાત્કાલિક 108 એમ્બ્યુલન્સને કરવામાં આવતા, એમ્બ્યુલન્સ ઘટના સ્થળે પહોંચી હતી અને ઈજાગ્રસ્ત મહિલાને સારવાર અર્થે નજીકની હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. આ બનાવની જાણ ભાદરવા પોલીસને પણ કરવામાં આવી હતી. પોલીસે તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી અકસ્માત અંગે વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

### ફાઇનાન્સરના એકાઉન્ટ અને ક્રેડિટ કાર્ડમાંથી નાણાં કપાયા

# RTO E-Challan એપ ડાઉનલોડ કરતા જ ૨.૪૯ લાખ ઉપડી ગયા

**બેંક ખાતા અને** ક્રેડિટ કાર્ડના ટ્રાન્ઝેક્શનની વિગતો મેળવી તપાસ શરૂ કરવામા આવી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 વિશ્વામિત્રી રોડ પર રહેતા અને ફાઈનાન્સનો વ્યવસાય કરતા 40 વર્ષીય વેપારીના મોબાઈલમાં RTO E-chalan.apk નામની વાયરસવાળી ફાઈલ ડાઉનલોડ થયા બાદ તેમના બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી રૂ.2.49 લાખ ટ્રાન્સફર કરીને ઓનલાઈન છેતરપિંડી કરવામાં આવી હતી. વિશ્વામિત્રી રોડ પર રહેતા ફાઈનાન્સ હાર્દિક શાહ યુનિટી ફિનકોર્પ નામે ફાઈનાન્સ કંપની ચલાવે છે. તા.21 ઓગસ્ટની રાત્રે તેમના મોબાઈલ પર બેંક ઓફ બરોડાના ખાતામાંથી રૂ.3, રૂ.49,995 અને રૂ.1,000 તેમજ ICICI બેંક ખાતામાંથી રૂ.49,995 ઉપડી ગયાના મેસેજ આવ્યા હતા. આ ઉપરાંત બેંક ઓફ બરોડાના નવા ક્રેડિટ કાર્ડમાંથી પણ અલગ-અલગ ટ્રાન્ઝેક્શન દ્વારા મોટી રકમ કપાઈ હતી. શંકા જતા વેપારીએ ક્રેડિટ કાર્ડની એપ્લિકેશનમાં તપાસ કરી હતી. ત્યારબાદ 1930 હેલ્પલાઈન પર ફોન કરીને ઓનલાઈન ફરિયાદ કરી હતી. બીજા દિવસે સાયબર ક્રાઈમ પોલીસમાં પહોંચતા પોલીસ દ્વારા તેમના મોબાઈલની તપાસ કરવામાં આવી હતી, જેમાં 'RTO E-chalan.apk' નામની વાયરસવાળી ફાઈલ મળી આવી હતી. પોલીસે આ ફાઈલ મોબાઈલમાંથી ડિલીટ કરી હતી. વધુમાં જણાવાયું છે કે તા.4 ઓગસ્ટે તેમના જૂના બેંક ઓફ બરોડા ક્રેડિટ કાર્ડમાંથી રૂ.2, રૂ.2 અને રૂ.1 જેવી નાની રકમના ટ્રાન્ઝેક્શન થયા હતા. શંકા જતા તેમણે કાર્ડ બ્લોક કરાવી દીધું હતું. ત્યારબાદ તા.8 ઓગસ્ટે તેમને નવું ક્રેડિટ કાર્ડ ડિસ્પેચ થયાનો મેસેજ મળ્યો હતો, પરંતુ કાર્ડ તેમને મળ્યું જ નહોતું. આ નવા કાર્ડમાંથી બાદમાં રૂ.3,998, રૂ.20,000, રૂ.25,000, રૂ.19,998, રૂ.49,995 અને રૂ.29,997 સહિતની રકમો કપાઈ હોવાનું સામે આવ્યું હતું. ફરિયાદી મુજબ તેમના બેંક ખાતાઓ અને ક્રેડિટ કાર્ડનો એક્સેસ કોઈ અજાણ્યા ઈસમે મેળવી પાસવર્ડ સહિતની માહિતીનો ગેરકાયદે ઉપયોગ કરી ઓનલાઈન ટ્રાન્ઝેક્શન કર્યા છે.

પોલીસે સમગ્ર મામલે બેંક ખાતા અને ક્રેડિટ કાર્ડના ટ્રાન્ઝેક્શનની વિગતો મેળવી તપાસ શરૂ કરી છે.

### મોબાઈલમાં અશ્લિલ વીડિયો પણ બતાવ્યા હતાં

# માસૂમ બાળકી સાથે પરપ્રાંતીય વેપારીના શારીરિક અડપલાં

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 વડોદરા શહેર વિસ્તારમાં રહેતી સાત વર્ષની સગીર બાળકી સાથે નાઈની દુકાનના સંચાલકે શારીરિક અડપલાં કર્યા હતા. પરિવારે ફરિયાદ નોંધાવતા પોલીસે પોક્સો એક્ટ હેઠળ ગુનો નોંધી ૨૫ વર્ષીય આરોપી યુવકની અટકાયત કરી આગળની કાનૂની કાર્યવાહી હાથ ધરી છે. વડોદરા શહેરના એક વિસ્તારમાં પીડિત બાળકી પોતાના શ્રમિક પરિવાર સાથે રહે છે. આ જ વિસ્તારમાં વાળંદ તરીકે કામ કરતો અને મૂળ બિહારનો ૨૫ વર્ષીય રાજેશ ઠાકુરે સાતેક વર્ષની માસુમ બાળકીના શરીર પર હાથ ફેરવી શારીરિક અડપલાં કર્યા હતા. આ ઉપરાંત, મોબાઈલમાં અશ્લીલ વીડિયો બતાવ્યો હોવાનો પણ આક્ષેપ થઈ રહ્યો છે. બાળકીએ બનાવ અંગે ઘરે આવી પરિવારજનોને વાત કરતા સમગ્ર મામલો સામે આવ્યો હતો. બાળકીની વાત સાંભળ્યા બાદ પરિવારજનો ચિંતિત બન્યા હતા અને તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને પોલીસે ફરિયાદના આધારે તપાસ શરૂ કરી હતી. પોલીસે બાળકી અને પરિવારજનો પાસેથી ઘટનાની વિગતો મેળવી આરોપી સામે કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે આરોપીની અટકાયત કરી તેના મોબાઈલ સહિતની વિગતોની તપાસ શરૂ કરી હોવાનું જાણવા મળ્યું છે.

બનાવ અંગે શ્રમિક પરિવારે રાવપુરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પોલીસે તાત્કાલિક ધોરણે પોક્સો એક્ટ તેમજ શારીરિક અડપલાં અંગેની કલમો હેઠળ ગુનો દાખલ કરી આરોપી રાજેશ ઠાકુરની અટકાયત કરી છે. પોલીસ દ્વારા સમગ્ર ઘટનાની વધુ તપાસ હાથ ધરવામાં આવી છે.

## આઈટીએમવીયુમાં ઈનોવેશન, પેટન્ટ અને ઉદ્યોગલક્ષી કૌશલ્યને પ્રોત્સાહન

વડોદરા : આઈટીએમ વોકેશનલ યુનિવર્સિટી (આઈટીએમવીયુ), વડોદરા, ઈનોવેશન, ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી અને ઉદ્યોગલક્ષી શિક્ષણને પ્રોત્સાહન આપવા વિવિધ પહેલ કરી રહી છે. યુનિવર્સિટીનું આઈપીઆર સેલ પેટન્ટ અને ઈન્ટેલેક્ચ્યુઅલ પ્રોપર્ટી સંબંધિત પ્રવૃત્તિઓને સહયોગ આપે છે. ફેકલ્ટી અને વિદ્યાર્થીઓના પેટન્ટ યોગદાન દ્વારા સંશોધનને પ્રેક્ટિકલ ઈનોવેશનમાં પરિવર્તિત કરવાની દિશામાં પ્રયાસો થઈ રહ્યા છે. યુનિવર્સિટીની ઈન્ડસ્ટ્રીયલ ઓટોમેશન લેબ સીમેન્સના સહયોગથી વિકસાવવામાં આવી છે. અહીં વિદ્યાર્થીઓને પીએલસી, એસસીએડીએ અને રોબોટિક્સની પ્રાયોગિક તાલીમ આપવામાં આવે છે. SITRAIN સાથેના સહયોગથી બેઝિક SITRAIN લેબ્સ પણ સ્થાપવામાં આવી છે, જેના થકી વિદ્યાર્થીઓને ઉદ્યોગલક્ષી કૌશલ્યો અને સીમેન્સ સર્ટિફિકેશનનો અનુભવ મળે છે.

### હક્ક માગતાં પરિણીત યુવકે મહિલાને ઓળખવાનો ઇનકાર કરતા ફરિયાદ

# લગ્નની લાલચ આપી ૩ વર્ષ સુધી યુવકે યુવતી પર દુષ્કર્મ ગુજાર્યું, આખરે તરછોડી

**તાંદલજાની મહિલાને** પત્ની તરીકે સ્વીકારવાની ખાતરી આપી સમજૂતી કરાર કર્યો

**જે.પી. રોડ પોલીસે** નૂર હસન પઠાણની ધરપકડ કરી

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 તાંદલજામાં એક પરિણીત યુવકે મહિલાને પત્ની તરીકે સ્વીકારી સમાજમાં નામ આપવાની ખાતરી આપી ત્રણ વર્ષ સુધી શારીરિક સંબંધો બાંધી દુષ્કર્મ ગુજાર્યુ હતુ. મહિલાએ જ્યારે સંબંધને કાયદેસર સ્વરૂપ આપી પત્ની તરીકેના હક્ક અને આધારકાર્ડમાં નામ બદલવાની વાત કરી ત્યારે યુવકે તેને ઓળખવાનો જ ઈનકાર કરી તરછોડી દીધી હતી. આ મામલો થાળે પાડવાના પ્રયાસો નિષ્ફળ જતા મહિલાએ જે.પી. રોડ પોલીસનો સંપર્ક કરતાં પોલીસે દુષ્કર્મ સહિતની કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી છે. તાંદલજા વિસ્તારમાં રહેતી મહિલા અને નૂર હસન પઠાણ આશરે 10 વર્ષ પહેલાં એકબીજાના સંપર્કમાં આવ્યા હતા. ત્યારબાદ બંનેના અન્યત્ર લગ્ન થઈ જતા તેમનો સંપર્ક તૂટી ગયો હતો. જોકે, મહિલાના છૂટાછેડા થયા બાદ વર્ષ 2024માં નૂર હસને પાર્લરના કામના બહાને ફરી તેનો સંપર્ક કર્યો હતો.

નૂર હસન પહેલેથી પરિણીત છે અને ત્રણ સંતાનોનો પિતા છે. તેમ છતાં તેણે મહિલાને પોતાની પત્ની તરીકે સ્વીકારી સમાજમાં નામ આપવાની ખાતરી આપી હતી. બંને વચ્ચે સમજૂતી કરાર પણ કરવામાં આવ્યો હોવાનો મહિલાએ આક્ષેપ કર્યો છે.

ત્યારબાદ આરોપીએ મહિલાને વિશ્વાસમાં લઈ છેલ્લા ત્રણ વર્ષ દરમિયાન તેની સાથે શારીરિક સંબંધો બાંધી દુષ્કર્મ ગુજાર્યુ હતુ. દરમિયાન મહિલાએ આધારકાર્ડમાં નામ બદલવાની અને પત્ની તરીકેના હક્ક આપવાની માંગ કરી હતી. જોકે, આ સમયે આરોપીએ અચાનક તેને ઓળખવાનો જ ઈનકાર કરી દીધો હતો. બંને વચ્ચે સમાધાનના પ્રયાસો થયા હતા, પરંતુ તે નિષ્ફળ જતા મહિલાએ અંતે પોલીસ ફરિયાદ નોંધાવી હતી. જે.પી. રોડ પોલીસે ફરિયાદના આધારે નૂર હસન પઠાણની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

### VMC ની PM ઈ-બસ સેવા આફતરૂપ બની

# જૂની બસો ઘટતા વિદ્યાર્થીઓ જોખમી સવારી કરવા મજબૂર



( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 વડોદરા શહેરમાં જાહેર પરિવહન તરીકે ઉપયોગમાં લેવાતી સિટી બસ સેવા હવે મુસાફરો માટે સુવિધાને બદલે જોખમ બની રહી છે. ખાસ કરીને બાજવા થી જનમહાલ રેલવે સ્ટેશન તરફ જતી સિટી બસોમાં ભારે ભીડ અને ઓવરલોડિંગના કારણે રોજના મુસાફરો અને વિદ્યાર્થીઓને જીવના જોખમે મુસાફરી કરવી પડી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ, વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરમાં નવી પીએમ ઈ-બસ સેવા શરૂ કરવામાં આવી છે. જેના પગલે તંત્ર દ્વારા જૂની સિટી બસોની સંખ્યામાં ઘટાડો કરી દેવામાં આવ્યો છે. નવી સેવા શરૂ થવી આવકાર્ય છે, પરંતુ જૂની બસો ઘટાડી દેતા તેની સીધી અસર બાજવા-સ્ટેશન જેવા વ્યસ્ત રૂટ પર પડી છે. સવાર અને સાંજના પીક અવર્સ દરમિયાન આ રૂટ પર મુસાફરોનો ભારે ધસારો જોવા મળે છે. બસોમાં જગ્યા ન હોવા છતાં, નોકરીએ જતા લોકો અને સ્કૂલ-કોલેજ જતા વિદ્યાર્થીઓને સમયસર પહોંચવા માટે દરવાજા પર લટકીને જોખમી મુસાફરી કરવા મજબૂર બનવું પડે છે. જો અકસ્માત સર્જાય તો જવાબદાર કોણ? તેવો સવાલ મુસાફરો ઉઠાવી રહ્યા છે.

### વારંવારની રજૂઆતો છતાં પાલિકાની હોતા હૈની થિયરી

# તાંદલજાથી સનફાર્મા રોડ પર અંધારપટ, વાહનચાલકોમાં ભય,તંત્ર કુંભકર્ણ નિંદ્રામાં



( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 વડોદરા શહેરમાં સ્થાનિક તંત્ર અને મહાનગરપાલિકાની બેદરકારીને કારણે પ્રજાજનોને ભોગવવાનો વારો આવ્યો હોય તેવો વધુ એક કિસ્સો સામે આવ્યો છે. વડોદરાના તાંદલજા વિસ્તારથી લઈને સનફાર્મા કંપની સુધીના રોડ પર આવેલી સ્ટ્રીટ લાઈટો લાંબા સમયથી બંધ હાલતમાં પડી હોવાના કારણે સ્થાનિક રહીશો અને વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. તાંદલજાથી સનફાર્મા તરફ જતા આ મુખ્ય માર્ગ પર દિવસ-રાત ભારે ટ્રાફિક રહેતો હોય છે. ઉપરાંત રાત્રિના સમયે મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો આ માર્ગ પર વોકિંગ માટે પણ નીકળતા હોય છે. આટલી મોટી ચહલપહલ ધરાવતા વિસ્તારમાં રાત્રિના સમયે સ્ટ્રીટ લાઈટો બંધ રહેવાના કારણે સમગ્ર રોડ પર ઘોર અંધારપટ છવાઈ જાય છે. અંધારાના કારણે આ માર્ગ પર અવારનવાર નાના-મોટા અકસ્માતોની શક્યતાઓ વધી જાય છે અને સ્થાનિકોમાં સતત ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. સ્થાનિક રહીશો દ્વારા પાલિકાના તંત્ર સમક્ષ આ મામલે અનેક વખત લેખિત તથા મૌખિક રજૂઆતો કરવામાં આવી છે અને સમાચાર માધ્યમો દ્વારા પણ આ અંગે અહેવાલો પ્રસારિત કરવામાં આવ્યા છે.

તેમ છતાં, તંત્ર દ્વારા આ ગંભીર સમસ્યા પ્રત્યે ઉદાસીનતા દાખવીને માત્ર ઉપરછલ્લી કામગીરી કરી સંતોષ માની લેવામાં આવે છે. કાયમી ધોરણે સમારકામ ન કરાતા સ્ટ્રીટ લાઈટો વારંવાર લબક-ઝબક થાય છે અથવા સાવ બંધ પડી જાય છે. હજી સુધી આ સમસ્યાનો કોઈ શાશ્વત કે કાયમી ઉકેલ લાવવામાં આવ્યો નથી, જેના કારણે નાગરિકોમાં ભારે આક્રોશ વ્યાપ્યો છે. વહીવટી તંત્રની આ નિષ્ક્રિયતા સામે હવે લોકમુખે એક જ સવાલ ઉઠી રહ્યો છે કે શું તંત્ર કોઈ મોટી હોનારત કે અકસ્માત સર્જાયા પછી જ જાગશે?

### મોંઘવારી વચ્ચે રાહત

# રેશનકાર્ડ ધારકોને વધારાના ધાન્ય-તેલનું વિતરણ શરુ

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 સતત વધતી જતી મોંઘવારી વચ્ચે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવાર માટે તહેવારોના દિવસોમાં મોટો આશ્વાસનરૂપ અહેવાલ સામે આવ્યો છે. જન્માષ્ટમી અને આગામી તહેવારોને ધ્યાનમાં રાખીને રેશનકાર્ડ ધારકોને મળવાપાત્ર વધારાનો ખાદ્ય જથ્થો સમયસર સુલભ થાય તે માટે તંત્ર દ્વારા આગોતરું આયોજન હાથ ધરવામાં આવ્યું છે. વડોદરા શહેરમાં આવેલી સસ્તા અનાજની અંદાજે ૩૦૦ જેટલી વાજબી ભાવની દુકાનો મારફતે નાગરિકોને રાશનનો વધારાનો જથ્થો સુચારૂ રૂપે પહોંચાડવામાં આવી રહ્યો છે. વ્યાજબી ભાવની દુકાનદાર એસોસિએશન અને તંત્રના જણાવ્યા અનુસાર, સરકાર દ્વારા તહેવારોના સમયે પૂરતા પ્રમાણમાં ખાદ્યસામગ્રીનો જથ્થો ફાળવવામાં આવી રહ્યો છે. પાછલા ઓગસ્ટ મહિના દરમિયાન પણ સરકાર તરફથી જનતા માટે વધારાની ખાંડ, તુવેર દાળ તેમજ ખાદ્યતેલનો જથ્થો ઉપલબ્ધ કરાવવામાં આવ્યો હતો, જે ગ્રાહકો સુધી સફળતાપૂર્વક પહોંચાડી દેવાયો છે.

આગામી દિવસોમાં પણ પૂરતો જથ્થો સમયસર મળી રહેશે તેવી વિગતો પ્રાપ્ત થઈ રહી છે. સસ્તા અનાજના વેપારીઓએ ખાતરી આપી છે કે તંત્ર દ્વારા જથ્થો સમયસર ફાળવાતો રહેશે તો ગ્રાહકોને પણ કોઈ પણ જાતની તકલીફ વગર તમામ સામાન સમયસર પૂરો પાડવામાં આવશે. તહેવારોની મોસમમાં વધારાનું રાશન મળવાથી સામાન્ય વર્ગના પરિવારના બજેટને મોટી રાહત મળશે.

### ફેસબુકની જાહેરાતથી શરૂ થઇ પહેલા રૂ.800 ભરાવી રૂ.1,050 પરત આપી વિશ્વાસ કેળવ્યો

# વર્ક ફ્રોમ હોમ કરવાની લાલચ આપી યુવતી સાથે રૂ.૧.૯૦ લાખની છેતરપિંડી

**અલગ-અલગ ટાસ્કના નામે** રકમ ટ્રાન્સફર કરાવી રૂપિયા ન ઉપાડતા ઠગાયાનો અહેસાસ થયો

( પ્રતિનિધિ ) વડોદરા,તા.1 બિલ કેનાલ રોડ વિસ્તારમાં રહેતી યુવતીને શોસિયલ મીડીયા પર ઘર બેઠા કામ કરવાની લાલચ આપી ટેલીગ્રામ ચેનલ સાથે જોડવામાં આવી હતી. શરૂઆતમાં રેસ્ટોરન્ટ રિવ્યૂના ટાસ્ક કરાવી નાની રકમનો નફો આપી યુવતીનો વિશ્વાસ કેળવવામાં આવ્યો હતો. ત્યારબાદ વિવિધ ટાસ્ક અને રોકાણના નામે રૂ.1.90 લાખ ઓનલાઈન પડાવી લેવામાં આવ્યા હતા. રકમ વિડ્રો ન થતાં વધુ રૂ.1.50 લાખ ભરવાની માંગણી થતાં યુવતીને શંકા જતા તેણે ફરિયાદ નોંધાવી હતી. વડોદરાના બિલ કેનાલ રોડ વિસ્તારમાં રહેતી 28 વર્ષીય રાજેશ્વરીબેન એક ખાનગી કંપનીમાં સેલ્સ એક્ઝિક્યુટિવ તરીકે નોકરી કરે છે. તેમણે નોધાવેલી ફરિયાદ મુજબ, તા.29 માર્ચ 2026ના રોજ તેઓ ઘરે હતા ત્યારે ફેસબુકનો ઉપયોગ કરતી વખતે ઘર બેઠા કામ કરવાની જાહેરાત જોવા મળી હતી. જાહેરાતમાં રજીસ્ટ્રેશન કર્યા બાદ વોટ્સએપ પર અજાણ્યા મોબાઈલ નંબર પરથી લિંક મોકલવામાં આવી હતી. આ લિંક મારફતે તેમને ટેલીગ્રામ ચેનલમાં જોડવામાં આવ્યા હતા. ટેલીગ્રામ પર શિવ સર કબીર નામના યુઝરનેમ સહિતના વ્યક્તિઓએ શરૂઆતમાં રેસ્ટોરન્ટ રિવ્યૂના ટાસ્ક આપ્યા હતા. પ્રથમ બે રાઉન્ડમાં રિવ્યૂ કરાવ્યા બાદ ત્રીજા રાઉન્ડમાં રોકાણ કરવાની વાત કરવામાં આવી હતી. બાદમાં વેબસાઈટ પર યુઝર આઈડી અને પાસવર્ડ બનાવી રજીસ્ટ્રેશન કરાવવામાં આવ્યું હતું. શરૂઆતમાં રૂ.800 ભરાવ્યા બાદ ટાસ્ક પૂર્ણ કરાવતા રૂ.1,050ની રકમ તેમના SBI ખાતામાં પરત કરવામાં આવી હતી. આ રીતે વિશ્વાસ કેળવ્યા બાદ અલગ-અલગ બેંક ખાતાઓમાં રૂ.1.90 લાખ ટ્રાન્સફર કરવામાં આવ્યા હતા. ત્યારબાદ વેબસાઈટમાં દેખાતી આશરે રૂ.2.95 લાખની રકમ વિડ્રો કરવાનો પ્રયાસ કરતાં રકમ બેંક ખાતામાં જમા થઈ નહોતી. સંપર્ક કરતાં સામેવાળાઓએ બધા રૂપિયા પરત મેળવવા માટે વધુ રૂ.1.50 લાખ ભરવાનું કહ્યું હતું. એટલું જ નહીં, ક્રેડિટ સ્કોર ડાઉન થઈ ગયો હોવાનું કહી વધુ રૂ.1.50 લાખની માંગણી કરવામાં આવી હતી.જેથી યુવતી ને પોતાની સાથે છેતરપિંડી થયાની શંકા જતા તેમણે વધુ રકમ ચૂકવવાનો ઈનકાર કર્યો હતો. પોલીસે આરોપીનુ લોકેશન મેળવવા તજવીજ હાથ ધરી છે.